


ગાંધીનગર સમાચાર

@ગાંધીનગર

● ડભોડીયા હનુમાનજી મંદિર ખાતે ધનતેરસની રાત્રે ૧૨.૦૦ કલાકે મહઆરતી યોજાશે.

## શહેરના નાગરિકની આધારકાર્ડના ચાર્જની પાવતી અપવા તંત્રને લેખિત રજુઆત

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરમાં ચાલતી આધારકાર્ડની કામગીરીમાં છબરડાઓ તો આંતરે દિવસે બહાર આવે છે પરંતુ આધારકાર્ડની કામગીરી કરતા કર્મચારીઓના છબરડાને અનુલક્ષી નગરના નાગરીકોને હેરાનગતિનો સામનો કરવો પડે છે ત્યારે સેકટર-૪ના સિનિયર સિટિઝનના આધારકાર્ડમાં મોબાઈલ નંબર ખોટો દર્શાવતા વડીલ નાગરિક હેરાન પરેશાન થઈ ગયા હતા જયારે વડીલને નંબર બદલવા માટે ફરિયાદ પ્રક્રિયા કરીને રૂ. ૩૦ ફી પણ ચુકવી હતી છતા રસીદ ન મળતા જાગૃત નાગરિકે આધાર કાર્ડનો વિભાગ સંભાળતા અધિકારીને પાવતી આપવા લેખિત રજુઆત કરી છે.

આધારકાર્ડ એ અત્યંત આવશ્યક પુરવા તરીકે ભારતભરમાં ઉપયોગી બની રહે છે. શહેરની એમ.એસ. બિલ્ડીંગમાં જઈને આધારકાર્ડ માટે નાગરીકોની લાંબી લાઈનો સર્જાય છે. ભારે મથામણ બાદ આધારકાર્ડ પ્રાપ્ત થાય છે કર્મચારીઓ દ્વારા થતી સામાન્ય ઉતાવળમાં ભુલ સર્જાતા નાગરિકોને ધક્કા ખાવાનો વારો આવે છે જયારે સે-૪ ખાતે રહેતા પ્રદિપ ત્રિવેદી નામના નાગરિકના આધારકાર્ડમાં મોબાઈલ નંબરમાં ભુલ થતાં ફરીવાર કામગીરી કરવી પડી હતી અને રૂ. ૩૦ ચાર્જ પણ આપવો પડયો હતો પરંતુ આ ચાર્જની પાવતી જે તે કર્મચારીએ હાજર સ્ટોકમાં નથી તેવો જવાબ આપ્યો હતો. છતાં પણ વડીલ નાગરીકને સમય વિતતા પાવતી ન મળતા એમ.એસ. બિલ્ડીંગના બીજા માળે બેસતા પુનિક આઈડેન્ટીફીકેશન અધિકારીને પાવતી આપવા લેખિત રજુઆત કરી છે અને ટપાલ દ્વારા પાવતી ઘરે પહોંચાડવા અનુરોધ કર્યો છે.

## સરદાર વલ્લભભાઈ પટેલને ૩૧મીએ પુષ્પાંજલિ અર્પણ કરાશે

ગાંધીનગર, તા.૨૭

અખંડ ભારતના શિલ્પી ગુજરાતના પનોતા પુત્ર અને લોખંડી પુરૂષ શ્રી સરદાર વલ્લભભાઈ પટેલની ૧૪૨મી જન્મ જયંતિ ૩૧ ઓકટોબર ૨૦૧૬ના રોજ હોવાથી આ નિમિત્તે પુષ્પાંજલીનો કાર્યક્રમ સરદાર પટેલ જન્મ જયંતિ ઉજવણી સમિતિ દ્વારા સવારે ૮.૪૫ કલાકે સરદાર સાહેબના બાવળા, સે-૧૦, વિધાનસભા પટાંગણમાં રાખવામાં આવી છે. સરદાર સાહેબને પુષ્પાંજલી અર્પણ કરવા માટે ગાંધીનગર શહેર તેમજ ગ્રમ્ય વિસ્તારના સર્વે સરદાર પ્રેમી ભાઈઓ તેમજ બહેનોને મોટામાં મોટી સંખ્યામાં હાજર રહેવા અને કાર્યક્રમને સફળ બનાવવા ઉપસ્થિત રહેવા સરદાર પટેલ જન્મ જયંતિ ઉજવણી સમિતિના કન્વીનર વિક્રમ કે. પટેલે અપીલ કરી છે.

# શહેરમાં વિશ્વના પ્રથમ અશ્વિનીકુમાર મંદિરનું નિર્માણ

## ભાઈબીજે અશ્વિની યાગ સાથે પ્રાણ પ્રતિષ્ઠા : આ સાથે યજ્ઞ વિજ્ઞાન કેન્દ્ર અને યજ્ઞ ચિકિત્સાલયનો પ્રારંભ કરાશે

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં રાંધેજા ચોકડી પાસે આર્યગ્રામ ખાતે આયુર્વેદના ઈષ્ટદેવ અશ્વિનીકુમારૌનું વિશ્વનું પ્રથમ મંદિર નિર્માણ પામ્યું છે. આ મંદિરે તા. ૧લીનવેમ્બર ભાઈબીજના દિવસે અશ્વિનીકુમાર યજ્ઞ તથા મૂર્તિની પ્રાણ પ્રતિષ્ઠા યોજાશે. ભાઈબીજના દિવસે વહેલી સવારે ૫.૦૦ કલાકે યજ્ઞનો પ્રારંભ થશે જે ૧૧ વાગ્યા સુધી ચાલશે. બપોરે ૧ થી ૪ વાગ્યા દરમિયાન અશ્વિનૌ મહિમા સંગોષ્ઠિ યોજાશે. આ ઉપરાંત અશ્વિનીકુમારૌની મહિમા ઉજાગર કરવા તા. ૨૮મી ઓકટોબર શુક્રવારે અમદાવાદના ટાગોર હોલ ખાતે રાત્રે ૯ કલાકે જ્ઞાનમય ડાયરાનું યોજન કરાયું છે. જેમાં શિવદાન ગઢવી, જીતુ કવિ દાદ, ચેતન ગઢવી સહિતના કલાકારો જ્ઞાન પ્રદાન કરશે.

અશ્વિનીકુમાર આયુર્વેદના



ઈષ્ટદેવ ગણાય છે, વેદવિજ્ઞાન પ્રતિષ્ઠાન દ્વારા સંચાલિત આર્યગ્રામ ખાતે આંતરરાષ્ટ્રીય આયુર્વેદ ચિકિત્સાલય ચલાવાય છે જયાં તમામ રોગોની રાહત દરે સારવાર અપાય છે અહીં અશ્વિનીકુમારૌ દેવાલયના પ્રારંભ સાથે યજ્ઞ ચિકિત્સા કેન્દ્ર, તથા યજ્ઞ વિજ્ઞાન કેન્દ્રનો પણ પ્રારંભ કરવામાં આવનાર છે. આ કાર્યક્રમ દરમિયાન પ્રદર્શન તથા પરિસંવાદ પણ યોજાશે. અત્રે ઉલ્લેખનીય છે કે આર્યગ્રામ ખાતે શ્રી કેશવ ગૌશાળા ચલાવાય છે જયાં 'સુવર્ણ કપિલા' ગાયનું પણ જતન કરાઈ રહ્યું છે. ભારતીય સંસ્કૃતિમાં વૈદિક સમયથી યજ્ઞનું મહત્વ રહેલું છે અને યજ્ઞ દ્વારા વાતાવરણ શુધ્ધિ, પર્યાવરણનું જતન અને રોગ મુકિત પ્રાપ્ત કરી શકાય છે. યજ્ઞના આ વિજ્ઞાન અંગે અહીં વિશ્વનું પ્રથમ યજ્ઞ વિજ્ઞાન કેન્દ્ર ચાલુ થઈ રહ્યું છે જેના થકી યજ્ઞના વિજ્ઞાન તથા મહત્વનો પ્રચાર પ્રસાર કરી ભારતીય સંસ્કૃતિના મૂલ્યની જાળવણી કરી શકાય.

અશ્વિનીકુમારૌ યાગમાં ૧૧ કુંડી યજ્ઞ યોજાશે. જેમાં પોરબંદરના સાંદીપની ગુરુકુલના પ્રહ્મર્ષિ ડૉ. હિતેશભાઈ પાઠક યજ્ઞ આચાર્ય તરીકે સેવાઓ આપશે. આ કાર્યક્રમનો લાભ લેવા ગાંધીનગરના તમામ નગરજનોને વેદ વિજ્ઞાન પ્રતિષ્ઠાનના સંચાલકો દ્વારા જાહેર નિમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### આયુર્વેદ ચિકિત્સાલય ખાતે ૨૦૦થી વધુ ઘુંટણની સર્જરી અટકાવી

રાંધેજા ચોકડી નજીક આવેલ વેદ વિજ્ઞાન પ્રતિષ્ઠાન સંચાલિત આર્યગ્રામ ખાતે કેશવ ગૌશાળા ઉપરાંત આંતરરાષ્ટ્રીય આયુર્વેદ ચિકિત્સાલય ચલાવાય છે જયાં ૨૦૦થી વધુ ઘૂંટણની સર્જરી કરાવવા જઈ રહેલા દર્દીઓને વગર સર્જરીએ સાજા કરાયા છે. અહીં અગ્નિકર્મ, રકતમક્ષણ, પંચકર્મ, શિરોધાર, સુવર્ણપ્રાશન, ગર્ભસંસ્કાર કેન્દ્ર સહિત તમામ રોગોની રાહત દરે સારવાર તથા અગ્નિહોત્ર પ્રશિક્ષણ કેન્દ્રની સુવિધા છે. આર્યગ્રામમાં ગો વિજ્ઞાન કેન્દ્ર, ગર્ભ વિજ્ઞાન કેન્દ્ર, આયુર્વેદ કેન્દ્ર ઉપરાંત વેદ શિક્ષણ કેન્દ્ર ચલાવાય છે. અહીં ભારતીય જીવન પધ્ધતિ કેન્દ્ર તથા સાહિત્ય વેચાણ કેન્દ્ર, વિશ્વ મંગલ ગો ગ્રામ પ્રદર્શની અને પંચગવ્ય નિર્માણ પ્રશિક્ષણ કેન્દ્ર પણ ચલાવાય છે.

# જિલ્લાના સાત પીઆઈની આંતરિક બદલી

## ગાંધીનગર એલસીબીનો ચાર્જ પી.બી. ચૌહાણે સંભાળ્યો

ગાંધીનગર, તા. ૨૭

ગાંધીનગર જિલ્લાના ૭ પી.આઈ.ઓની આંતરિક બદલીઓની આજે સાંજે જિલ્લા પોલીસ અધિક્ષક વિરેન્દ્રસિંહ યાદવે જાહેરાત કરી છે. આ જાહેરાતના અનુસંધાને ગાંધીનગર એલસીબીનો ચાર્જ હવે પી.બી. ચૌહાણે સંભાળ્યો છે. જ્યારે આશુતોષ પરમારને હવે એલસીબીમાંથી લીવ રિઝર્વમાં સ્થાન આપવામાં આવ્યું છે.

જિલ્લા પોલીસ અધિક્ષકે કરેલી જાહેરાત મુજબ ગાંધીનગર એલસીબી પીઆઈ આશુતોષ પરમારની લીવ રિઝર્વ તરીકે બદલી કરાઈ છે, આ સાથે ઈન્ફોસિટી પોલીસ સ્ટેશનના પીઆઈ પી.બી. ચૌહાણને એલસીબીનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. અન્ય બદલીઓમાં એલઆઈબીનો ચાર્જ સંભાળતા જે.ડી. પુરોહિતને હવે એસઓજીનો પણ ચાર્જ સોંપવામાં આવ્યો છે, જ્યારે સે. ૭ના સેકન્ડ પીઆઈ કે.એમ. પ્રિયદર્શીને ઈન્ફોસિટી પી.આઈ. તરીકે મુકવામાં આવ્યો છે. એસઓજીના મનિષાબા પુવારને હવે સે. ૭ પોલીસ સ્ટેશને સેકન્ડ પીઆઈનો ચાર્જ સોંપવામાં આવ્યો છે. જ્યારે કે.એસ. ગઢવીને સે. ૭માંથી સે. ૨૧માં સેકન્ડ પીઆઈ તરીકે બદલી કરાઈ છે. આ સાથે કલોલ તાલુકા પોલીસ સ્ટેશનના પીઆઈ એચ.જે. વાઘેલાની સચિવાલય સંકુલ ખાતે બદલી કરાઈ છે.




### શોષિત લઘુમતિ સમાજ મહાપરિષદ દ્વારા સત્યાગ્રહ છાવણી ખાતે ધરણા

પાટણ જીલ્લાનાં ચારુપ ગામનાં સ્થાનિક એક ગુનાનાં પ્રશ્નને પગલે બ્લેકમેઈલીંગનાં વિરોધમાં શોષિત લઘુમતિ સમાજ મહાપરિષદ દ્વારા ગાંધીનગર સે-૬ સત્યાગ્રહ છાવણી ખાતે ધરણાનો કાર્યક્રમ રાખવામાં આવ્યો હતો. પોલીસ ફરિયાદ ન લેતી હોવાનાં આક્ષેપ સાથે મહાપરિષદનાં પ્રમુખ અંબાલાલ ટાભાણીએ ફરિયાદ દાખલ કરીને સમગ્ર ઘટના અંગે સી.આઈ.ડી ક્રાઈમને તપાસ આપવાની માંગણી કરી છે. આ ગુના સંબંધીત વિવિધ ત્રણ માંગણીઓ સાથેનું આવેદનપત્ર મુખ્યમંત્રીને સંબોધીને તૈયાર કરી સુપ્રત કરવામાં આવ્યુ છે.




દેના ગુજરાત ગ્રામીણ બેંક દ્વારા આગામી તા. ૩૧મી ઓકટોબરથી 'વીજીલન્સ સપ્તાહ' ઉજવાશે. આ સપ્તાહ દરમિયાન બેંકના તમામ કામકાજને વીજીલન્સ એંગલથી જોઈને પારદર્શક તથા ગુણવત્તાસભર વહીવટ માટે જરુરી માર્ગદર્શન આપવા દેના ગુજરાત ગ્રામીણ બેંક સે-૧૭ ખાતેની હેડ ઓફિસ ખાતે મુંબઈ હેડ ઓફિસથી દેના બેંકના ચીફ વીજીલન્સ ઓફીસર સેલ્વરાજ કે.એ મુલાકાત લીધી હતી. તેમની આ મુલાકાત પ્રસંગે દેના ગુજરાત ગ્રામીણબેંકના ચેરમેન બલબીરસીંઘ લુથરા, જનરલ મેનેજર રાકેશ ચલાવરીયા, દેના બેંકના ડેપ્યુટી ઝોનલ મેનેજર પી.એસ. નેગી ઉપસ્થિત રહ્યા હતા.

## ના હોય.. સોશ્યલ મીડીયાનો જમાનો હોવા છતા

# નગરમાં ૨૦ હજાર પોસ્ટકાર્ડનું વેચાણ...!

ગાંધીનગર, તા.૨૭

દિવાળીના તહેવારને અનુલક્ષી સોશ્યલ મિડીયામાં અવનવા મેસેજીસનો મારો ચાલી રહ્યો છે. અત્યારના સમયના નાના બાળકથી લઈ દરેક ઉંમરની વ્યકિત એન્ડ્રોઈડ ફોનમાં વ્યસ્ત જોવા મળી રહ્યા છે. આજના સમયનું સંદેશા પહોંચાડવા માટે આધુનિક ઉપકરણ મોબાઈલ ગણાય છે. આજના ફાસ્ટયુગમાં એક સમયે નાગરીકો ખીસ્સામાં પાકીટ ભુલી જાય છે પરંતુ મોબાઈલ ફોન બે મિનિટ માટે પણ અળગો થવા દેતા નથી. આ સંજોગોમાં એવું માનવામાં આવે છે કે હવે પોસ્ટકાર્ડ કે દિવાળીકાર્ડ લખવાનો જમાનો વિતી ગયો છે અને તેનુ સ્થાન સોશ્યલ મિડીયાના રેડીમેડ




મેસેજીસ તથા ઈ-કાર્ડે લીધુ છે તેવા સમયમાં દિવાળીના દિવસોમાં શહેરી વિસ્તારમાં આવેલ પોસ્ટ ઓફિસની કચેરીઓમાંથી છેલ્લા સાત દિવસમાં ૨૦ હજારથી પણ વધુ પોસ્ટકાર્ડનું વેચાણ થવા પામ્યું છે જે આશ્ચર્યજનક છે. જયારે પોસ્ટ ઓફિસોમાં પણ દિવાળી કાર્ડ અને ગ્રીટીંગકાર્ડ દરેક વ્યકિતને ઝડપી મળી જાય તેવી વ્યવસ્થા પણ પોસ્ટ વિભાગ તરફથી કરવામાં આવી છે. અત્યારે હાલ શહેરમાં કાર્યરત પોસ્ટ ઓફિસોમાં હજ્જારો પોસ્ટકાર્ડ આવતા થેલાઓ ભરીને પોસ્ટમેન સેકટરોમાં વિતરણ કરતા નજરે પડે છે. ત્યારે આજની પેઢીના યુવાનો આ જોઈને ચોકકસ ચોંકી ઉઠે છે અને તેમના મુખમાંથી નીકળી જાય છે કે આજના આધુનિક યુગમાં પણ પોસ્ટકાર્ડનો દબદબો યથાવત રહેવા પામ્યો છે.

# રોલબૉલ સ્પર્ધામાં ગાંધીનગરના ખેલાડીઓ ઝળક્યા

ગાંધીનગર, તા. ૨૭

રોલબૉલ ઍસોસિએશન ઑફ ગુજરાત દ્વારા તાજેતરમાં યોજાયેલી રાજ્ય કક્ષાની રોલબૉલ સ્પર્ધા વડોદરામાં યોજવામાં આવી હતી. આ સ્પર્ધામાં ૧૪ વર્ષથી ઓછી વયના ખેલાડીઓની સ્પર્ધામાં ગાંધીનગર ગ્રામ્યની ભાઈઓની ટીમ પ્રથમ ક્રમે અને બહેનોની ટીમ દ્વિતિય ક્રમે વિજેતા બની હતી. કોચ ભાર્ગવ આયરે તેમને બિરદાવી અભિનંદન પાઠવ્યા છે.



આ ખેલાડીઓ પૈકી દેવાંશી પટેલ, જીલ કાકડિયા, કશિશ ઠક્કર, પ્રેમ પટેલ અને દેવાંશી રાવલની પસંદગી રાષ્ટ્રકક્ષાની સ્પર્ધા માટે કરવામાં આવી હતી, જેમને કોચ દ્વારા શુભકામનાઓ પણ પાઠવવામાં આવી હતી.

# વોર્ડ નં. ૮માં બિસ્માર આંતરિક માર્ગોથી રહીશો ત્રસ્ત

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાંથી ચોમાસાએ કયારનીય વિદાય લઈ લીધી છે પરંતુ ચોમાસાએ સેકટરોના આંતરિક માર્ગોને જે નુકશાન પહોંચાડયું છે તેના પ્રત્યે તંત્રની નિભંરતા હજુ પણ જેમની તેમ છે જેના કારણે વસાહતીઓને ભારે હાલાકી પડી રહી છે. શહેરના વોર્ડ નં. ૮ના સેકટર-૧, ૨, ૩ ન્યુ, ૪ અને ઈન્ફોસીટી વિસ્તારના આંતરિક માર્ગોની હાલત અત્યંત બદતર થઈ જવા પામી છે અનેક સ્થળે ડામર, કપચી, કોંક્રીટ વગેરે ઉખડી જવા પામેલ છે આમ છતાં તંત્રની ઉદાસીનતાએ રહીશોમાં રોષની લાગણી જન્માવી છે. આ વિસ્તારના તમામ આંતરિક માર્ગોનું તાત્કાલિક ધોરણે નવીનીકરણ કરાવવું જોઈએ તેવી તીવ્ર માંગ ઉઠવા પામી છે.

આ વર્ષે ચોમાસા દરમિયાન વરસાદના કારણે વોર્ડ નં. ૮ના આંતરિક માર્ગો જર્જરિત હાલતમાં આવી જવા પામ્યા છે. અગાઉ આ વોર્ડના નગરસેવક પાયલબેન મેણાતે ચોમાસા દરમિયાન પડેલા ખાડાઓ અંગે રજુઆત કરી હતી પરંતુ હજુ સુધી આ બાબતે કોઈ જ પગલા લેવાયા નથી. નગરસેવકે તાજેતરમાં ફરી આ



વિસ્તારની મુલાકાત લેતા રોડની દુર્દશા જોઈ ફરીથી તેમણે માર્ગ મકાન વિભાગના કાર્યપાલક ઈજનેરને લેખિત રજુઆત કરી છે. આ માર્ગોની હાલત અત્યંત બદતર હોવાથી આ વિસ્તારના વાહનચાલકો તથા રહીશો ભારે પરેશાનીનો ભોગ બની રહ્યા છે જેથી સત્વરે આ માર્ગોનું મરામત કાર્ય હાથ ધરાય તેવી રહીશોમાં માંગ ઉઠવા પામી છે.

# કલ્પતરૂ પરિવારે કંપનીને શણગારી દિવાળી પર્વનો ઝગમગાટ રેલાવ્યો



ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગરમાં પોતાની આગવી ઓળખ ધરાવતી કલ્પતરૂ કંપની વાર તહેવાર પણ ઉમંગથી ઉજવે છે. દિવાળીનો ઝગમગાટ એમણે પરિવારના સભ્યો સાથે, ડિપાર્ટમેન્ટ વચ્ચે સાજ-શણગાર-રંગોળી અને ટ્રેડિશનલ ડ્રેસ સ્પર્ધા સાથે રેલાવ્યો હતો.

દરેક વિભાગના સ્ટાફ મિત્રોએ માત્ર બે કલાકના સમયગાળામાં તોરણ, રંગોળી, દિવડા, ડેકોરેશન સાથે મસ્ત મજાનો સાજ-શણગાર કરતા કંપની ઝળહળી ઉઠી હતી. દરેક સભ્યોએ ઉત્સાહભેર ભાગ લઈને જાણે પોતાના ઘરનું આંગણું શોભાવતા હોય એટલી તન્મયતાથી ડેકોરેશન કર્યુ હતું.

ગાંધીનગરના એના ચારેય યુનિટમાં આ વિવિધલક્ષી સ્પર્ધા રાખવામાં આવી હતી. સમગ્ર કાર્યક્રમનું આયોજન કંપનીની ઈઈસી ટીમ દ્વારા કરવામાં આવ્યું હતું. સાત્વિક ત્રિવેદી, શત્રુઘ્ન પંડયા, નૂપુર જૈન, નિકુંજ શુકલા, શ્રૃતિ, અંકિતા, કંદર્પ, કેતન, જલેશ્વર, સંજય થોરાત વગેરે સભ્યોએ સૌને પ્રોત્સાહિત કરી શણગાર કરવામાં મદદ કરી હતી.

દિપના ઉજાસથી આખીય કંપનીમાં તહેવારનો અનોખો માહોલ ઉભો થયો હતો. નિર્ણાયક તરીકે ડિરેકટર કમલ જૈન, ડી.બી.પટેલ સહિત અન્ય અધિકારીઓએ સહયોગ આપ્યો હતો કામના ભારણ વચ્ચે તહેવારોની ઉજવણી કલ્પતરૂ પરિવારના સભ્યોને એનર્જી ડ્રિન્ક જેવું બની રહે છે. દિવાળીના સાજ શણગાર કરનાર સૌ સભ્યો અભિનંદનને પાત્ર છે.

## ચિરવિદાય

- સ્વ. મહેન્દ્રકુમાર શંભુજી ઠાકોર, ઉ.વ. ૨૮
- સ્વ. લલીબેન આતાજી મકવાણા, ઉ.વ. ૬૨

વાતવાતમાં

● શહેરમાં દિવાળીના તહેવારોમાં ખરીદી કરવા, નાણાંકીય તથા સામાજિક વ્યવહારો સાચવવા તથા આવનારી રજાઓ પહેલા પોતાના ટ્રાન્જેકશન્સ પતાવી દેવાના આશયે બેંકોમાં ભારે ભીડ જોવા મળી રહી છે. આગામી બે દિવસમાં પણ બેંકમાં આ પ્રકારે ભીડભાડ ભર્યો માહોલ રહેશે તે સંજોગોમાં ગ્રાહકોએ સાવચેતી અને સતર્કતા દાખવવી આવશ્યક રહેશે.

● દિવાળીમાં વિદેશગમન ખાસ કરીને આફ્રિકાના દેશોમાં જઈ રહેલા નગરજનોએ સિવિલ હોસ્પિટલ ખાતેથી ઝિકા સહિતના વાયરસથી બચવા રસી મુકાવી જરૂરી છે. ગત જાન્યુઆરી માસથી અત્યાર સુધીમાં ૨ હજારથી વધુ પ્રવાસીઓ આ રસી સિવિલ હોસ્પિટલ ખાતેથી મુકાવી ચુકયા છે.

● સેકટર-૭/૮ના ક્રોસીંગ પાસે મુખ્ય માર્ગ પર સાંજના સમયે એક આશરે ૧૫ વર્ષીય સાયકલ સવાર બાળાને બાઈક સવાર સાથે ટકકર થવા પામી હતી. આ અકસ્માતમાં બાળાને સામાન્ય ઈજાઓ થવા પામી હતી.

● શહેરમાં દિવાળી નિમિત્તે નગરની સામાજિક સંસ્થાઓ દ્વારા જરૂરિયાતમંદોને મિઠાઈ કપડાં વગેરેનું વિતરણ કરી નબળા વર્ગના ચહેરા પર પણ ઉત્સવનો ઉજાસ રેલાવવાનું પુણ્ય કાર્ય હાથ ધરાઈ રહ્યું છે. શહેરના સેવાભાવી યુવાનોની સંસ્થાઓ ગૂંજ ફાઉન્ડેશન, સ્કાય ગ્રુપ, આપણું ફાઉન્ડેશન તથા હેપ્પી યુથ કલબ દ્વારા શનિવારે સાંજે ૪ કલાકે શહેરની ઝુંપડપટ્ટીના જરૂરિયાતમંદ પરિવારોને કપડાં, ફરસાણ, મિઠાઈ વગેરેનું વિતરણ કાર્ય હાથ ધરાશે.